# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

Ref no. PN 2025-26/240 Dt. 10/12/2025

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર દ્વારા ભારતના ભાવિ મેગા થીમ્સ: સ્ટ્રેટેજીઝ ફોર એક્સ્ટ્રાઓર્ડિનરી વેલ્થ' પર સેમિનાર યોજાયો

## શેરબજાર તો ચાલશે જ, પણ તમારો પોર્ટફોલિયો નહીં ચાલે એવું બને, એટલે શેર પસંદગી હવે બહુ મહત્વની: ફંડ મેનેજર કાર્તિક મહેતા

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા શનિવાર, તા. ૬ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે ૬:૦૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે India's Future Mega Themes: Strategies for Extraordinary Wealth વિષય પર એક રસપ્રદ સેમિનાર યોજાયો હતો, જેમાં મુખ્ય વક્તા તરીકે Ckredence Wealth PMSના પ્રખ્યાત ફંડ મેનેજર શ્રી કાર્તિક મહેતાએ અસાધારણ સંપત્તિ માટેની વ્યૂહરચનાઓ છતી કરી હતી.

ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત પ્રવચનમાં ચેમ્બરની પ્રવૃત્તિઓનો ચિતાર આપતા કહ્યું કે દક્ષિણ ગુજરાતનો કોઇ ઉદ્યોગ જ્ઞાનથી વંચિત ન રહે એ ચેમ્બરની પ્રવૃત્તિઓનો ઉદ્દેશ છે. જ્ઞાન સતત મેળવતા રહીએ તો જ સફળ થઈએ.

નિષ્ણાત વક્તા શ્રી કાર્તિક મહેતાએ કહ્યું કે જલદી આપણે ટોપ થ્રી ઈકોનોમીમાં આવીશું. 10 વર્ષમાં જીડીપીમાં 77%ની વૃદ્ધિ થઈ છે. વિકસિત ભારત તરફની યાત્રામાં આવનારા વૃદ્ધિ સમયગાળામાં યુવાઓનું-જેન ઝેડનું યોગદાન મોટું રહેવાનું છે. વર્કિંગ વીમેનનું યોગદાન વધી રહ્યું છે. માથાદીઠ આવક વધવાની છે અને એ રીતે ભારત વિકસિત ભારતનું વિઝન સાકાર કરશે. પણ એ માટે આર્થિક વૈવિધ્યકરણ જરૂરી છે. તેમણે અન્ય દેશો સાથે સરખામણી કરતા કહ્યું લો ઈન્કમથી મિડ ઈન્કમ તરફ જતાં ઘણા દેશો હાંફી જાય છે. આવક વધે તેમ જરૂરિયાત કરતા ખર્ચ ચોક્કસ વધવાનો જ.

તેમણે ડેટા સાથે સરળ શબ્દોમાં સમજાવતા કહ્યું કે ઈકોનોમી મિડ ઈન્કમ તરફ જાય એ ગાળો શેરબજારને બહુ માફક આવતો હોય છે. પૈસો પૈસાને ખેંચે. ચીન જેવા દેશોને લાંબો બૂમ પીરિયડ ભોગવવા મળ્યો. આપણને 25 વર્ષથી વધુ નહીં મળે. શેરબજારમાં એનાથી ઝડપી રિટર્ન આવી શકે.

તેમણે ઈઝ ઑફ લિવિંગ, ટેકનોલોજીનો વધુ ઉપયોગ, એઆઈ, ન્યુ એજ જેવા ભારતના ભાવિ મેગા થીમ્સ સમજાવ્યા હતા. એઆઈને લીધે પાવરની માગ સમગ્ર વિશ્વમાં વધી રહી છે. તેમણે નેક્સ્ટ જનરેશન બિઝનેસ ફંડમાં રોકાણ કરવાની સલાહ આપી હતી. માર્કેટ સિનારિયો વિશે તેમણે કહ્યું કે નિફ્ટી 23000 થવાની શક્યતા લાગતી નથી. ઉપર 28000 જશે પણ લોકોના રિટર્ન એટલાં સારા નહીં હોય. આગામી બે વર્ષ ઈન્ડેક્સ માટે સારા, પણ પોર્ટફોલિયો ન પણ ચાલે. બધું ચાલી જતું એ ફૂલ ગુલાબી તેજીનો સમય પૂરો થયો એટલે શેર પસંદગી ખૂબ મહત્વની બની રહેશે. આઈપીઓમાં પણ હવે સિલેક્ટિવ રહેવું પડશે. સમગ્ર વિશ્વમાં એકાદ વર્ષના અંતે એક ફટકો લાગી શકે પણ ભારત તેમાંથી જલદી બહાર આવી શકે. પછી મોટો મૂવ આવી શકે અને મેક્સિમમ વેલ્થ બનાવવાનો આ પીરિયડ છે. રોકાણનો મોટો ભાગ ઈક્વિટીમાં રાખશો તો પડોશી, મિત્રો કરતા ઘણા આગળ નીકળી જશો.

ચેમ્બરના ગ્રુપ ચેરમેન શ્રી કમલેશ ગજેરાએ કાર્યક્રમ વિશે માહિતી આપી ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. કેપિટલ એન્ડ કોમોડિટી માર્કેટ કમિટીના કો-ચેરમેન શ્રી વિશાલ બક્ષીએ વક્તાનો પરિચય આપ્યો હતો. કાર્યક્રમના અંતે રસપ્રદ પ્રશ્નોત્તરી યોજાઈ હતી. ચેમ્બરની કેપિટલ એન્ડ કોમોડિટી માર્કેટ કમિટીના કો–ચેરમેન શ્રી બાલકૃષ્ણ વઘાસિયાએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.